# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૨૬ • સળંગ અંક : ૭૮ • તા. ૦૭ ડિસેમ્બર થી ૧૩ ડિસેમ્બર ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



## ગુરૂદેવ તપચક્ર ચક્રવર્તી
## તપસ્વીતરત્ન અચલગચ્છાધિપતિ
## પ.પૂ. આ.ભ. ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની
## ૬૩મી દિક્ષા તિથિની ધન્ય ઘડી

મોહબ્બતના સવાલોના, કોઈ ઉત્તર નથી હોતા,
અને હોય છે. એ બધા કોઈ સદ્ધર નથી હોતા,
સાચી લગન હોય છે માત્ર એક જ પ્રેમી દિલને,
બધા ઝેર પીનારા કંઈ શંકર નથી હોતા.

- શેખાદમ સાબુવાલા



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સખત મહેનતનો કોઈ પર્યાય નથી

કોઈ અજાણ્યા વ્યક્તિને મળીએ એટલે પરિચય વધારતા તેનું નામ શું છે એ પ્રથમ પૂછીએ છીએ. પછી અભ્યાસ, હાલ શું કરે છે, ક્યાં રહે છે, ક્યાં નો મૂળ વતની છે એ બધી વિગતોથી તેનો વધુ પરિચય વધુ મેળવી નજદિકી થાય એવો પ્રયાસ કરીએ છીએ. આમ નામથી શરૂ થતી ઓળખાણનું મૂળ કામકાજ છે. સખત મહેનત, કર્મકામથી નામ મળ્યું અને નામથી સર્વત્ર ઓળખ સ્થાપાઈ.

નામ આપણા જીવન કાળ માટે મહત્વનું છે. જે જીવન પર્યંત, ને ત્યાર બાદ મૃત્યુબાદ પણ ઓળખ જળવાઈ રહે એ માટે જીવંત જેવો રહે છે. શેકસપિઅરએ આમ ભલે કહ્યું છે કે ‘નામમાં શું બળ્યું છે?’ પણ દરેક એંગલથી જોઈએ કે વિચારીએ તો નામ એ જ આપણી ઓળખ છે અને આપણું કામ, કામ પ્રત્યેની નિષ્ઠા, વફાદારી અને સર્મપણ નામ પાછળનું પ્રેરક બળ છે.

પા પા પગલી ચાલતા નાનકડા બાળક માટે રેતીનો નાનકડો ઢગલો ઓળંગવો કઠિન છે. તો એવી જ તકલીફ યુવાન વયની કોઈ વ્યક્તિને નાનકડા મુકામ સુધી પહોંચવા પહાડ જેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સાહસ, નીડરપણું અને સખત પરિશ્રમ દ્વારા મંઝિલ સિધ્ધિ મળે પછી જ નામની ઓળખ સર્વત્ર પ્રસરે છે. માટે સહેજ પણ સરળ નથી નામવંત બનવું. જગ મશહૂર બનવા કંઈક નવું કામ નવતર કાર્ય કે અદ્ભૂત સિધ્ધિ મેળવી પડે છે. પણ જગ બત્રીસીએ ચડવા, લોકોમાં ચર્ચિત થવા, બદનામ થવા પણ કંઈક અજુગતું કરવા નિમિત બનવું પડે છે. આમ સમાજમાં શ્રેષ્ઠ ઉદારણ બનવા સખત સંઘર્ષ કરી સિધ્ધિ મેળવી પડે છે તો બદનામ થવા ચપટી જેટલું બદકાર્ય કરવું બસ થઈ રહે છે.

સખત મહેનતનો કોઈ પર્યાય નથી. નામ જાળવી શાખને બચાવી સાચવીને કોઈપણ કાર્ય કરવું અઘરૂ છે. લોકોને નરી આંખે મળેલું ફળ તરત દેખાય છે. પણ ફળ પ્રાપ્તિ પાછળ કરેલી સખત મહેનત, આકરી મજૂરી સહન કરેલા કષ્ટથી અજાણ હોય છે. નામ કમાવું અઘરી વસ્તુ છે. ભલે એ ચાર કે ચાલીસ વ્યક્તિઓ વચ્ચે હોય કે ચાલીસ લાખ લોકો વચ્ચે હોય. મહેનત અને સખત મહેનત પછી જ આ વસ્તુ સિધ્ધિ થઈ શકે છે. માટે જ સખત મહેનતનો કોઈ પર્યાય નથી. આમ સિધ્ધિ શિખર પામવાનો કોઈ શોર્ટ કટ નથી. અવિરત શ્રમ અને કષ્ટથી મળેલ નામ પાછળ ખર્ચેલી મહેનત કદી વ્યર્થ નથી જતી. મશહૂર નામ થકી મળેલ નામના મહેંક સતત ખુશ્બૂ આપતી રહે છે. એ સૌ માટે ઉદાહરણ રૂપ બને છે અને પ્રેરણાદાયક પણ થઈ રહે છે. આ સિધ્ધિનો દાખલો સૌને મોંઢે હોય છે, તો ક્યારેક પુસ્તિકોમાં સંગ્રહિત થઈ ભવિષ્યની પેઢી માટે સતત પ્રેરણાનો સ્ત્રોત આપતો રહે છે. આમ સખત સંઘર્ષ પછી મળેલ સમાજ દ્વારા સન્માન વ્યક્તિ માટે ગૌરવ રૂપ હોય છે, ગર્વ પૂર્ણ હોય છે. ઉન્નત મસ્તક, રાખીને ચાલી શકાય એવો મોકો અર્પે છે. આ સન્માન પાછળ સખત મહેનત, દ્રઢ આત્મવિશ્વાસ અને ભરપૂર સાહસ કરવાની નિષ્ઠા જરૂરી છે.

- જય જ્ઞાતિમૈયા

# ગુરૂદેવ તપચક્ર ચક્રવર્તી તપસ્વીતરત્ન અચલગચ્છાધિપતિ
# પ.પૂ. આ.ભ. ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૬૩મી દિક્ષા તિથિની ધન્ય ઘડી






તા.૬ ડિસેમ્બર શુક્રવારના આપણા લાડીલા ગુરૂદેવ તપચક્ર ચક્રવર્તી, તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૬૩મી દિશા તિથિ હતી. વિક્રમ સંવત ૨૦૧૪માં પૂજ્યશ્રીની દિક્ષા થયેલ. આજના દિવસે ગુરૂ ગુણોદય ૬૨ વર્ષ દિક્ષા જીવનના પૂરા કરી ૬૩મા વર્ષમાં પ્રવેશ કરેલ.

આપણે સૌ સંગે મળી તેમનું અંતરથી અભિવાદન કરીએ અને તેમના દ્વારા હજીએ વિશેષ સંઘ, શાસન પ્રભાવના ઉત્તમ કાર્યો થાય એજ અંતરની અભિલાષા ધરાવીએ.





# સાંધણ તીર્થે અતિથિગૃહ તેમજ પ્રવેશદ્વારનું દાતા દ્વારા નિર્માણ



કચ્છના અબડાસા તાલુકાના સાંધણ તીર્થે મુનિરાજ કંચનસાગરજી મ.સા.ની નિશ્રામાં તરલાબેન મણિકાંત હીરજી ધુલ્લા પ્રવેશદ્વાર તથા 'લક્ષ્મી વેલ' અતિથિગૃહનું લોકાર્પણ કરાયું.

સાંધાણની નિયાણી સ્વ. તરલાબેનની પુણ્ય સ્મૃતિમાં દાતા મણિકાંતભાઈ ધુલ્લા પરિવાર દ્વારા નિર્માણ પામેલા પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન કરાયું હતું.

સ્વ.વાલજીભાઈ શામજી ધરમશીની સ્મૃતિમાં દાતા લક્ષ્મીબાઈ વેલજી શામજી, ભારતીબેન કીર્તિભાઈ, પૌત્રી ચાર્મીબેન, અંકુર ખોના પરિવાર દ્વારા નિર્માણ પામેલા લક્ષ્મી વેલ અતિથિગૃહનું લોકાર્પણ, તક્તી અનાવરણ વિધિ કરાઈ હતી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજને દાતાઓનું બહુમાન કર્યું હતું.

આ પ્રસંગે સાધ્વી અનંતયશાશ્રીજી મ.સા.એ દાતાઓની માદરે વતન પ્રત્યેની લાગણીને બિરદાવી હતી અને ગામની નિયાણીના નામે બાંધવામાં આવેલા પ્રવેશદ્વારની અનુમોદના કરી હતી.

આ કાર્યક્રમમાં ક.જિ.પંચાયતના સદસ્ય કિશોરસિંહ જાડેજા, સરપંચ જયવીરસિંહ જાડેજા, કીર્તિભાઈ લોડાયા, ગોવિંદજી પટેલ, પ્રબોધ મુનવર, હરીશ ચુરલા, બ્રિજેશ પટેલ, છાયાબેન ધરમશી, યોગિની મૈશરી, નવીન પટેલ, પારસભાઈ તથા આજુબાજુ વિસ્તારના ભાઈ-બહેનો હાજર રહ્યાં હતા.

સાંધાણ મહાજનના પ્રમુખ ગુલાબ ડી. ધરમશી, યતીન મૈશેરી, સંજય મૈશરી, દિનેશ ડી. ધરમશી, રાજેન્દ્ર ચુરલા, મનીષ મૈશેરી, ઉત્તમચંદ લોડાયા તથા સમિતિના કાર્યકરો મહોત્સવનું આયોજન સંભાળ્યું હતું. મુંબઈ સહિત દેશાવરમાં વસતા જૈન સમાજના ૪૫૦ થી વધારે ભાઈ-બહેનો મહોત્સવ માણવા આવતાં ગામમાં મેળા જેવો માહોલ જામ્યો હતો.

# મુનિશ્રી દેવરક્ષિત સાગરજી મ.સા.નો વિહાર યાત્રાનો તપશીલ

અચલગચ્છાધિપતિના આજ્ઞાનુવર્તી પ.પૂ.મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.ના સુશિષ્ય પૂ.મુનિશ્રી દેવરક્ષિતસાગરજી મ.સા.નો આજ સુધીનો વિહાર યાત્રાનો તપશીલ આ પ્રમાણે છે. તેઓ શ્રી તા.૨ ડિસેમ્બર સોમવારના બોરીવલી ઈસ્ટમાં તા.૩ ડિસેમ્બર મંગળવાર રોજે કાંદિવલી ચારકોપ સંઘમાં, તા.૪ ડિસેમ્બર બુધવારના ગોરેગાંવ વેસ્ટ સંઘમાં અને અત્યારે તા.૫ ડિસેમ્બર ગુરૂવારથી તા.૯ ડિસેમ્બર સોમવાર સુધી સાંતાક્રુઝ વેસ્ટ સંઘમાં સ્થિરતા કરશે. દર્શન વંદનનો લાભ લેવા શ્રાવક શ્રાવિકાઓ પધારી શકે છે અને ધર્મની ધન્ય ઘડીનો લહાવો પામી શકે છે.

## હુબલી નગરે વર્ધમાન શક્રસ્તવ સાથે અષ્ટોતરી મહાઅભિષેક



શ્રી ક.દ.ઓ.જૈન મહાજનના હુબલી સંઘમાં અજીતનાથ દાદાના દરબારે પ્રવચન પ્રભાવક પ.પૂ.મુનિરાજ શ્રી ધર્મશેખરસાગરજી મ.સાના ૩૭મા જન્મ દિવસ નિમિત્તે વર્ધમાન શક્રસ્તવ સાથે અષ્ટોતરી મહાઅભિષેક દ્વારા દાદાની ધર્મ આરાધના કરાઈ. સંપૂર્ણ કાર્યક્રમ આયોજનના લાભાર્થી શ્રી અનંત ધર્મ પરિવાર હતા. સકળ સંઘના અસંખ્ય ભાવિક શ્રાવક શ્રાવિકો ઉમંગભેર જોડાઈ ધર્મ લાભ પામ્યા હતા. ગીત સંગીતના તાલે સૌ નાચી ઝૂમી આરાધનાઓમાં હોંશેહોંશે સહભાગી થયા હતા.

# ખામગામ ગુજરાતી સમાજ દ્વારા નારીરત્ન પુરસ્કારથી સન્માનિત શ્રીમતી હર્ષા મનોજભાઈ નાગડા







શ્રી ગુજરાતી સમાજ ખામગામના તાજેતરમાં યોજાયેલ નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહમાં અગ્યાર વર્ષમાં પ્રથમવાર ગુજરાતી સમાજ નારીરત્ન પુરસ્કાર સૌ. હર્ષા મનોજભાઈ નાગડાએ મેળવ્યો છે. આ સન્માન મેળવનાર તેઓ પ્રથમ મહિલા છે. એમના અનેક સમાજલક્ષ્મી કાર્યો માટે અને તેમની મલ્ટી ટેલેન્ટની કાર્ય સિધ્ધિ માટે આ સન્માન મેળવવાના હકદાર થયા છે જે માટે સમસ્ત કેડીઓ જ્ઞાતિ સમાજના તેઓ અભિનંદનને પાત્ર છે. આ ગૌરવ સન્માન મેળવવા બદલ અઢળક વધાઈ.

# ગોરેગામ સંઘમાં મહાકાલી માતાની ભાવના ભણાવાઈ





તા. ૪ ડિસેમ્બર બુધવારના રોજે ગોરેગાંવ અચલગચ્છ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં મહાકાલી માતાજીની ભાવના ભણાવામાં આવી જેના લાભાર્થી હતા માતુશ્રી મણિબેન રતનશી ઉમરશી ગાલા-કાંડાગરા વાળા પરિવાર હતા. સંઘના સૌ ભાવિક ભાઈ-બહેનોના આત્મીય સહભાગથી આ ધર્મ આરાધનાનો પાવન પ્રસંગ ભવ્યતાથી સંપન્ન થયો હતો.



# મલકાપુર સંઘમાં મ.સા.ની ૪૨મી દિક્ષાતિથિની ધર્મ આરાધના કરાઈ





તા.૭ ડિસેમ્બર શનિવાર રોજે મહારાષ્ટ્ર રાજ્યના મલકાપુર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમ ગુણાશ્રીજી મ.સા.ની ૪૨મી દિક્ષાતિથિ પ્રસંગે વિશેષ ધર્મ આરાધના કરાઈ સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓ વિશેષ ભાવ રાખી આ પ્રસંગમાં જોડાયા હતા.

# ચાર્ટડ એકાઉન્ટ મુમુક્ષુ મોનિકાબેન લોડાયાની દિક્ષા મુહૂર્તની તારીખ





તા. ૨૦ નવેમ્બર બુધવાર રોજે કચ્છ કાંડાગરા નગરે પ્રતીકકુમારની દિક્ષા પ્રસંગે કચ્છ ગામ તેરાના હાલે છતીસગઢ રાજ્યના રાયપુર નગરમાં રહેતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મોનિકાબેન મહેન્દ્રભાઈ લોડાયાની દિક્ષાનું મૂહૂર્ત પ.પૂ.ગુરૂદેવશ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબ દ્વારા મહાસુદ આઠમ એટલે તા.૧ ફેબ્રુઆરી ૨૦૨૦ શનિવારનું મળ્યું છે. મુમુક્ષુ કુમારિકાની દિક્ષા ચાલીસાગામ મુકામે આ.ભ.શ્રી મહાદેવ સાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં સંપન્ન થશે. મુમુક્ષુ મોનિકાબેન પ.પૂ.સા.શ્રી મહાપ્રમુખશ્રીજી મ.સા.ના શિષ્યા બનશે.

# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટ બોર્ડની ચૂંટણીના ઉમેદવારો

## ચૂંટણી : રવિવાર તા. ૨૨-૧૨-૨૦૧૯

આ ચૂંટણીમાં ઓછામાં ઓછા ૭ અને વધુમાં વધુ ૧૧ ઉમેદવારોને મત આપવાના રહેશે.

| SR NO | NAME | VILLAGE | AREA |
|---|---|---|---|
| 1 | BHARAT VERSHI MUNWAR (JIVANI) | JAKHAU | DOMBIVALI |
| | Mobile : 9833921313 | Email: bharatjivani9333@gmail.com | |
| 2 | CHETAN MEGHJI MOTA | VARAPADHAR | BHANDUP |
| | Mobile : 9322282993 | Email: bhomick.mota@babblegumtours.com | |
| 3 | DEVENDRA SHANTILAL DHARAMSHI | SUTHRI | MULUND |
| | Mobile : 9820333343 | Email: arihantcars09@gmail.com | |
| 4 | JIVRAJ GOVINDJI LODAYA | THANA | MOTI KHAVDI |
| | Mobile : 9322266103 | Email: jivrajshah@gmail.com | |
| 5 | KUMAR BABUBHAI DAND | TERA | BHANDUP |
| | Mobile : 9322680008 | Email: dand.kumar@gmail.com | |
| 6 | LOPA HIMANSHU NAGDA | JAKHAU | VIKROLI |
| | Mobile : 9920748556 | Email: llops@hotmail.com | |
| 7 | MANOJ DAMJI LODAYA | BANDHIA | BHANDUP |
| | Mobile : 9833039980 | Email: manojlodaya1973@yahoo.com | |
| 8 | NAYAN ASHOK BHEDHA | VARAPADHAR | MULUND |
| | Mobile : 9821090323 | Email: nayan_b@neptunegroup.in | |
| 9 | PANKAJ KESHAVJI DHARAMSHI | RANGPUR | MULUND |
| | Mobile : 9867012340 | Email: pankaj@palaklogistics.com | |
| 10 | PARAS PADAMSHI MAISHERI | RAPAR GHADHWARI | GHATKOPAR |
| | Mobile : 9821050362 | Email: pkmaisheri@gmail.com | |
| 11 | PRAFUL CHIMANLAL MOTA | TERA | GHATKOPAR |
| | Mobile : 9819450004 | Email: prafulmota@yahoo.com | |
| 12 | RAJESH RAICHAND CHHEDA | VARAPADHAR | MULUND |
| | Mobile : 9820226873 | Email: rrchheda@rediffmail.com | |
| 13 | SANJAY RATILAL AJANI | KOTHARA | GHATKOPAR |
| | Mobile : 9821015020 | Email: sanjayajani@gmail.com | |
| 14 | TEJAL RAJESH LODAYA | MOTI SINDHODI | SION |
| | Mobile : 9820953425 | Email: tejal@dostirealty.com | |
| 15 | SUNIL PADAMSHI LALKA | BANDHIYA | MULUND |
| | Mobile : 8876343407 | Email: sunil.lalka@gmail.com | |

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની કારોબારી સમિતિના ચૂંટણીના ઉમેદવારો

## ચૂંટણી : રવિવાર તા. ૨૨-૧૨-૨૦૧૯

આ ચુંટણીમાં ઓછામાં ઓછા ૨૫ અને વધુમાં વધુ ૪૪ ઉમેદવારોને મત આપવાના રહેશે.

| SR NO | NAME | VILLAGE | AREA |
|---|---|---|---|
| 1 | ABHAY PADAMSHI KHONA | SANDHAV | BHANDUP |
| 2 | ALPA PARESH LALKA | LALA | VASHI |
| 3 | ARVIND RAICHAND LODAYA | DALTUNGI | DOMBIVALI |
| 4 | ASHOK LALJI LALKA | RANGPUR | VASHI |
| 5 | BHARAT VERSHI MUNWAR | JAKHAU | DOMBIVALI |
| 6 | BHAVINI MANISH LODAYA | VARAPADHAR | MULUND |
| 7 | BHUPENDRA LAXMICHAND DAGHA | GOERSAMA | DOMBIVALI |
| 8 | CHETAN MEGHJI MOTA | VARAPADHAR | BHANDUP |
| 9 | DEVENDRA SHANTILAL DHARAMSHI | SUTHRI | MULUND |
| 10 | DHARINI PRATAP MOTA | RAYDHANJAR | BHANDUP |
| 11 | DILIP DUNGARSHI LAPASIA | DALTUNGI | MULUND |
| 12 | DINESH RAMJI LODAYA | SANDHAV | MULUND |
| 13 | GULAB DUNGARSHI DHARAMSHI | SANDHAN | MULUND |
| 14 | GULAB KALYANJI MAISHERI | MANDVI | MULUND |
| 15 | HARISH DHANJI DAGHA | VARADIA | BHANDUP |
| 16 | HITESH MULJI MAISHERI | KOTHARA | BHANDUP |
| 17 | JAVERCHAND KANTILAL NAGDA | JAKHAU | GHATKOPAR |
| 18 | JAYESH VIJAY MOMAYA | SAYERA | MATUNGA |
| 19 | JIVRAJ GOVINDJI LODAYA | MOTI KHAVDI | THANE |
| 20 | KALPESH KHUSHALCHAND DHARAMSHI | KOTHARA | DOMBIVALI |
| 21 | KALPESH MAHENDRA LODAYA | RAVA | CHEMBUR |
| 22 | KALPESH NIRANJAN MOMAYA | VARADIA | MASJID |
| 23 | KARTIK NAVIN MOMAYA | SUTHRI | MULUND |
| 24 | KUMAR BABUBHAI DAND | TERA | BHANDUP |
| 25 | LOPA HIMANSHU NAGDA | JAKHAU | VIKROLI |
| 26 | MANISHA MITESH LALKA | BANDHIYA | MULUND |
| 27 | MANOJ DAMJI LODAYA | BANDHIYA | BHANDUP |
| 28 | MUKESH BHAWANJI LODAYA | MOTI SINDHODI | DOMBIVALI |
| 29 | MUKESH HIRACHAND SIYAL | JAKHAU | DOMBIVALI |
| 30 | MUKESH KHIMJI VIKAMSHI | SUTHRI | DOMBIVALI |
| 31 | NAYAN ASHOK BHEDHA | VARAPADHAR | MULUND |
| 32 | NITESH MULJI GOSAR | BAYATH | THANA |
| 33 | PANKAJ KESHAVJI DHARAMSHI | RANGPUR | MULUND |
| 34 | PANKAJ MANILAL POLADIA | DUMRA | BHANDUP |
| 35 | PARAS PADAMSHI MAISHERI | RAPAR GHADWARI | GHATKOPAR |
| 36 | PARESH NARANJI GOSAR | BAYATH | BHANDUP |
| 37 | PRAFUL CHIMANLAL MOTA | TERA | GHATKOPAR |
| 38 | RAHUL SURESH MOTA | DHRUFI | DOMBIVALI |
| 39 | RAJESH JAYANTILAL LODAYA | MOTI KHAVDI | BHANDUP |
| 40 | RAJESH RAICHAND CHHEDA | VARAPADHAR | MULUND |
| 41 | RAJUL BHADRESH PATEL | SAYERA | MULUND |
| 42 | ROHIT TEJPAL DHARAMSHI | LALA | MULUND |
| 43 | SANDEEP NAVINCHANDRA LODAYA | SANDHAV | MULUND |
| 44 | SANJAY RATILAL AJANI | KOTHARA | GHATKOPAR |
| 45 | SAROJ LALJI MUNVAR | JAKHAU | GHATKOPAR |
| 46 | TEJAL RAJESH LODAYA | MOTI SINDHODI | SION |
| 47 | TINA PURAV DHARAMSHI | MANJAL RELADIYA | ANDHERI |
| 48 | TOMESH KANTILAL NAGDA | JAKHAU | GHATKOPAR |
| 49 | VEENA VIJAY NAGDA | PARJAU | GRANT ROAD |
| 50 | VIJAY VISANJI SONI | VAKU | DOMBIVALI |
| 51 | VIPUL KANTILAL LODAYA | SANDHAV | BHANDUP |
| 52 | VIPUL LAKHAMSHI MOMAYA | SAYERA | DOMBIVALI |
| 53 | VIPUL MANILAL POLADIA | DUMRA | BHANDUP |
| 54 | VIRCHAND NARSHI LODAYA | RAPAR GADHWARI | MULUND |
| 55 | VIRENDRA BHAVANJI LODAYA | NALIYA | MULUND |

# શ્રી પંકજ કેશવજી ધરમશી

## ગામ – રંગપુર, હાલ – મુલુંડ



જય જીનેન્દ્ર, સાથ જણાવવાનું કે આપશ્રીએ શ્રી અનંતનાથ જૈન દેરાસરજીના ટ્રસ્ટમાં ટ્રસ્ટી પદ માટે તેમજ મહાજનની સહાયક સમિતિમાં ઉમેદવારી નોંધાવેલ છે. તે જાણી ખૂબજ હર્ષ તેમજ ખુશીની લાગણી અનુભવીએ છીએ.

પ્રારબ્ધ, લક્ષ્મી અને પુરૂષાર્થના સુયોગે આપે અનેક સામાજીક કાર્યો કર્યા છે. જેવાકે

૧) ગિરનારથી હાલાર છરિ પાલીત સંઘ આપશ્રીના નેજા હેઠળ પરિપૂર્ણ થયેલ.

૨) ૪૦૦ વર્ષ પ્રાચીન મોડપર જીનાલય જિર્ણોધ્ધાર તેમજ પ્રતિષ્ઠા મહોત્સવ આપશ્રીના પ્રમુખ પદ હેઠળ પરિપૂર્ણ થયેલ.

૩) રંગપુર જૈન સંઘમાં છેલ્લા ૧૫ વર્ષથી પ્રમુખપદ પર રહી, શ્રી રંગપુરમાં ગુરૂમંદીર પ્રતિષ્ઠા, ભોજનશાળાનું નિર્માણ તેમજ ભોજનશાળા છેલ્લા બાર વર્ષથી સાતત્યપણે કાર્યરત છે, નુતન અતિથીગૃહનું નિર્માણ, પરિકર ભા-મંડલની સ્થાપના, ભવ્યાતિભવ્ય ચાતુર્માસનું આયોજન, સંપુર્ણ સંકુલનું નુતનીકરણ, જિનાલયની રજત જયંતીની ઉજવણી વગેરે કાર્યો કુશળતાથી પાર પાડેલ છે.

૪) માતુશ્રી મોંઘીમા નાગશી દેવાણી કન્યા છાત્રાલયમાં ટ્રસ્ટી - ખજાનચી તેમજ મેનેજીંગ કમીટી મેમ્બર.

૫) વાવાઝોડા, તેમજ ધરતીકંપ વેળાએ જ્ઞાતિભાઇઓને મદદરૂપ થયેલ.

૬) આચાર્ય મહારાજ સાહેબ, તથા સાધુ સાધ્વીઓની વયાવચ્છની જવાબદારીઓ સંભાળેલ છે.

૭) વર્ષ ૨૦૧૯માં સમાજસેવાના ક્ષેત્રે કચ્છ શક્તિ એવોર્ડ આપને એનાયત કરેલ છે.

૮) સમુહ લગ્નો તથા સ્નેહમિલન વગેરે અનેક સામાજીક કાર્યો આપશ્રી દ્વારા વટ, વચન અને વહેવારની વિરતી વસુંધરા ક.દ.ઓ. વિરાસતના વિરલ વારસદાર બની આપે દેવ, ગુરૂ, ધર્મ અને સમાજની હાકલને હોંકારો દઇ આપની અનોખી સુઝબુઝ, હોંશીયારી અને જિંદાદીલીથી કર્યા છે. આપે ક.દ.ઓ. જ્ઞાતિને ગૌરવ અપાવ્યું છે અને આદરણીય બનાવ્યું છે.

છેલ્લા વીસેક વર્ષોથી આપશ્રીના નેતૃત્વમાં થયેલ કાર્યોથી સમાજમાં હોંશ અને ઉમંગ પથરાયેલ છે.

હવે પ્રદેશથી પણ આગળ જઇ મુંબઈમાં વસતા શ્રી ક.દ.ઓ. જ્ઞાતિની સેવા કરવા આગળ આવેલ છે તે જાણી ખૂબજ આનંદની લાગણી અનુભવીએ છીએ, અને આપશ્રીના નેતૃત્વ તેમજ અનુભવને ધ્યાનમાં રાખી આપ મુંબઇમાં વસતા ક.દ.ઓ. જ્ઞાતિને ઉચ્ચ શિખરો સર કરાવશો એવી અમને પુરેપુરી શ્રધ્ધા, ખાતરી અને વિશ્વાસ છે.

**મુંબઇમાં વસતા સર્વે ક.દ.ઓ. જ્ઞાતિના ભાઇ–બહેનોને નમ્ર વિનંતી કે આપશ્રી પંકજ કેશવજી ધરમશી ને ટ્રસ્ટ બોર્ડમાં તેમજ કારોબારી સહાયક સમિતિમાં ભારી બહુમતથી વિજય અપાવી અને વિકાસના કામોમાં જોડશો તેવી આશા અને અપેક્ષા છે !**

તીલકચંદ કુંવરજી લોડાયા (Ex. Chief Commissioner of Income Tax)

| | | | |
|---|---|---|---|
| લક્ષ્મીચંદ ધારશી મોતા | ભૂપેન્દ્ર મુલજી દંડ | કાંતીલાલ ગાંગજી વોરા | કલ્પેશ માણેકજી મોતા |
| મુકેશ દામજી મેશેરી | હિરાલાલ હંસરાજ ડાઘા | પ્રવિણ જેઠાલાલ લાપસીયા | અશોક મણીલાલ દંડ |
| જયંત ભવાનજી સોની | વીરચંદ હીરજી લોડાયા | બીપીન પાશ્વીર નાગડા | વિજય મોતીલાલ લોડાયા |
| ગીરીશ બાબુલાલ લોડાયા | પંકજ પાશ્વીર લુઠીયા | દિનેશ રામજી લોડાયા | |

# શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ

## આગોતરી જાણ

શ્રી રંગપુર ગામવાસીઓનું વાર્ષિક સ્નેહમિલન **રવિવાર તા. ૦૫/૦૧/૨૦૨૦ના સાંજના ૪ વાગ્યાથી જૈનમ બેંકવેટ હોલ, ભાંડુપ (વેસ્ટ)** મધ્યે આયોજન કરેલ છે, આપ સૌ સહપરિવાર આપણા વતનના સ્નેહમિલનમાં એકબીજાને હળવા, મળવા સાથે સ્વાદિષ્ટ ભોજન અને વર્ષ દરમ્યાન થયેલ સંભારણાંઓની આપ - લે કરવા અચૂક હાજર રહેશો અને આ સ્નેહમિલનમાં જરૂરથી આપનો અમૂલ્ય સમય ફાળવશોજી.

**નોંધ :** વિગતવાર માહિતી ટૂંક સમયમાં જણાવવામાં આવશે.

શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ, શ્રી રંગપુર ગામના યોજાનારા સ્નેહમિલન પ્રસંગે ધોરણ ૧થી ગ્રેજ્યુએશન સુધીમાં જેની ટકાવારી સૌથી ઉચ્ચ હશે એવા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીનું સન્માન કરવામાં આવશે અને ઉચ્ચ શૈક્ષણિક ક્ષેત્રે ઝળહળતી સફળતા મળેલ દરેક વિદ્યાર્થી / વિદ્યાર્થીનીનું સન્માન કરવામાં આવશે તથા વિશિષ્ઠ સિદ્ધિઓ મેળવેલ વ્યક્તિઓનું પણ બહુમાન કરવામાં આવશે, જે તે વ્યક્તિએ તેમને મળેલ પ્રમાણપત્ર (સિર્ટીફીકેટ)ની નકલ વહેલી તકે વોટ્સએપ મોબાઈલ નંબર : ૯૩૨૩૫૨૫૦૦૦ (શ્રી બિપીન પાશ્વીર નાગડા - સેક્રેટરી) પર મોકલી આપશો અને સહકાર આપશોજી.

**એજ લી. શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ**

**શ્રી પંકજ કેશવજી ધરમશી** (પ્રમુખ)
98670 12340

**શ્રી બિપીન પાશ્વીર નાગડા** (સેક્રેટરી)
93235 25000

**તા. ૦૧/૦૪/૨૦૨૦ થી તા. ૩૧/૦૩/૨૦૨૩**

### સલાહકાર સમિતિ :

૧) શ્રી કાંતિલાલ ગાંગજી વોરા
૨) શ્રી જયંતીલાલ મોતીલાલ લાપસીયા
૩) શ્રી સુરેશ રામજી નાગડા
૪) શ્રી પ્રદીપ વેલજી વોરા
૫) શ્રી રમેશ દેવચંદ વોરા
૬) શ્રી અશોક લાલજી લાલકા
૭) શ્રી નરેન્દ્ર કુંવરજી ધરમશી
૮) શ્રી ગુલાબ ત્રિકમજી નાગડા
૯) શ્રી પ્રવીણ ધરમશી મુનવર

### ટ્રસ્ટ બોર્ડ :

૧) શ્રી પંકજ કેશવજી ધરમશી (પ્રમુખ)
૨) શ્રી બિપીન પાશ્વીર નાગડા (ઉપપ્રમુખ)
૩) શ્રી જતીન ગુલાબચંદ નાગડા (સેક્રેટરી)
૪) શ્રી કિરીટ પુનશી મુનવર (ખજાનચી)
૫) શ્રી કાંતિલાલ માણેકજી નાગડા
૬) શ્રી હેમાંગ અશોક લાલકા
૭) શ્રી દીપક શાંતિલાલ લાપસીયા

### સ્થાનિક ટ્રસ્ટી :

૧) શ્રી વિનોદ શિવજી ધરમશી
૨) શ્રી લહેરચંદ ચંપકલાલ ધરમશી
૩) શ્રી શશાંક કિશોર ખોના

### કારોબારી સમિતિ :

૧) શ્રી દિનેશ કુંવરજી ધરમશી
૨) શ્રી ચેતન દામજી નાગડા
૩) શ્રી કિશોર લાલજી નાગડા
૪) શ્રી અનિલ ગાંગજી નાગડા
૫) શ્રી અજય જેઠાલાલ ધરમશી
૬) શ્રી હિંમતલાલ શિવજી ખોના
૭) શ્રી રમેશ હંસરાજ નાગડા
૮) શ્રી રજનીકાંત રાયચંદ નાગડા
૯) શ્રી હિંમતલાલ જેઠાલાલ લાપસીયા
૧૦) શ્રી નીતિન ભાઈચંદ ધરમશી
૧૧) શ્રી જીગર ગિરીશ ધરમશી
૧૨) શ્રી કિશોર રમેશ ધરમશી
૧૩) શ્રી રમેશ ડાહ્યાલાલ ખોના

# સુથરી તીર્થ જિનાલયની ધજા બદલાવી નૂતન ધજા ચડાવાઈ





કચ્છ અબડાસાની મોટી તીર્થીના મહાતીર્થ સુથરીતીર્થમાં મોટા આસંબિયાથી સુથરી છરીપાલક સંઘની પૂર્ણાહુતિ અને સંઘમાળ પ્રસંગે તીર્થના જિનાલયની ધજા બદલાવી નવી ધજા ભવ્યરીતે ચડાવાઈ સંઘના શ્રાવક, શ્રાવિકાઓના અદમ્ય ઉત્સાહ આ પ્રસંગે જોવા મળ્યો હતો. ધર્મ આરાધના ભાવથી આ પ્રસંગ ધન્યતા ભર્યો થયો હતો.















# પાચોરાનગરે મુમુક્ષુ મોનિકાબેનની દિક્ષા મહોત્સવની આમંત્રણ પત્રિકાના કંકુછાંટણાનો કાર્યક્રમ થયો





અચલગચ્છ શણગાર સૂરીવર્યોના દિવ્ય આશીષ-તારક આજ્ઞા તથા શુભાશીષથી આગમ દિવાકર પ.પૂ. આ.ભ.શ્રી મહોદયસાગર સૂરીશ્વરજી મ.સા. આદિઠાણા ચાલીસગામથી વિહાર કરતાં અનુક્રમે પાચોરા પધાર્યા. શ્રી સંઘે ખૂબ હર્ષોલ્લાસપૂર્વક અને ભવ્ય સામૈયા સાથે પૂજ્યશ્રીનો તા. ૩-૧૨ના પ્રવેશ કરાવ્યો અને પછી પૂજ્યશ્રીએ બે દિવસ મનનીય પ્રવચન આપ્યું તથા સાંજે પાઠશાળાના બાળકોને પણ ૨ દિવસ રોચક શૈલીમાં ઉદ્‌બોધન કર્યું.

એ સાથે તા.૪-૧૨ના ઉપરોક્ત પૂજ્યશ્રીની નિશ્રામાં ચાલીસગામ મુકામે થનાર મુમુક્ષુ મોનીકાબેન (સી.એ.)ની દિક્ષાની પત્રિકા ઉપર કંકુ છાંટણા કરાવવા દિક્ષાર્થીના પરિવારજનો સહિત શ્રી ચાલીસગામ અચલગચ્છ જૈન સંઘના સભ્યો પાચોરા પધાર્યા. ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવણી કરી પાચોરા સંઘ પણ ધન્ય બન્યો. અત્રે રહેતા ક.દ.ઓ.જ્ઞાતિના ૧૨ પરિવારોમાં સવિશેષ હર્ષોલ્લાસ વ્યાપ્યો હતો. પૂજ્યશ્રીનો વિહાર ક્રમ નીચે મુજબના રહ્યો. તા. ૫ વરખેડી, તા. ૬ શેંદુર્ણી, તા. ૭ પહુર, તા. ૮ જામનેર, તા. ૯ માલદાભાડી, તા. ૧૦ બોધવડ + એનગાંવ, તા. ૧૧, ૧૨ મલકાપુર.

# સુથરી તીર્થમાં દિક્ષાર્થી ગૌતમભાઈનું બહુમાન કરાયું







મહાતીર્થ સુથરીમાં છરીપાલક સંઘની પૂર્ણાહુતિ અને સંઘમાળ અર્પણ પ્રસંગે ૧૯ વર્ષીય દિક્ષાર્થી ગૌતમભાઈ નિલેશ લોડાયાનું બહુમાન કરાયેલ.

સકળ સંઘના સૌ ભાવિકોના મનમાં સંસ્કાર એના મહેકી ઉઠશે. જીવન એનું ધન્ય બની જશે, ચારિત્રની પગદંડીએ ચાલીને મોક્ષમાર્ગને તેઓ પામી જશે. એ ભાવ ઉઠતો હતો. ધર્મ ઉદારભાવથી સૌ આ પ્રસંગના સાક્ષી બન્યા હતા.

# છરીપાલક સંઘના સંઘપતિઓને સંઘમાળા પહેરાવાઈ





તા. ૪ ડિસેમ્બર બુધવાર રોજે મોટા આસંબિયાથી મહાતીર્થ સુથરી તીર્થના છરીપાલક સંઘના સંઘપતિઓને વિધિપૂર્વક સંઘમાળ પહેરાવામાં આવી.














**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ચાલીસગામ સંઘમાં પ.પૂ.આ.ભ.શ્રીનું ભવ્ય સામૈયું કરાયું





અચલગચ્છ શણગાર સૂરિ ભગવંતોની દિવ્ય કૃપા, તારક આજ્ઞા, શુભાશિષોથી આગમ દિવાકર, પ.પૂ. આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા., મુનિરાજ શ્રી ધર્મરતનજ્ઞાનરત્નસાગરજી ઠા.૩ માલેગામમાં ૪ દિવસ સુંદર શાસન પ્રભાવના કરી રસ્તામાં સ્કુલ તથા સ્થાનકમાં પ્રવચન આપતા આપતા તા.૩૦/૧૧ના ૧૧૨ વર્ષ પ્રાચીન, શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ચાલીસગામ સંચાલિત, શ્રી પદ્મપ્રભસ્વામીજીના ભવ્ય જિનાલયથી શોભતા ચાલીસગામ નગરે પધાર્યા હતા.

લગભગ ૩૮ વર્ષો પૂર્વે શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રીમદ્ ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ચાલીસગામમાં પધરામણી બાદ અચલગચ્છીય આચાર્ય ભગવંતની પધરામણી થતાં અત્રે વસતા ક.દ. ઓ.જ્ઞાતિના પચીસેક પરિવારો સહિત સકલ શ્રી સંઘમાં અનેરો હર્ષોલ્લાસ જોવા મળ્યો હતો. ૨૫ માણસોના વિશાળ બેન્ડબાજા સહિત પૂજ્યોનું ભવ્ય સામૈયું શણગારેલા બેડાઓ સહિત કરવામાં આવ્યું હતું. સમૂહ ચૈત્યવંદન બાદ.

ઉપરોક્ત અચલગચ્છાધિપતિશ્રી દ્વારા વિરચિત શ્રી પદ્મપ્રભસ્વામી ભગવાનના સ્તવનની પ્રથમ કડીના આધારે પ.પૂ.આ.ભ.શ્રીએ રોચક પ્રવચન આપ્યું હતું અને અંતે ત્રણે લોકના સર્વે જીવોના કલ્યાણ મંગલ અને મોક્ષની પ્રાર્થના પૂર્વક રોજ સવાર-સાંજ ત્રણે લોકમાં ૧-૧ નવકારની ઉર્જા મોકલવાની પ્રસાદી આપી હતી. જેનો સહુ શ્રોતાઓએ સહર્ષ સ્વીકાર કર્યો હતો.

પ્રવચન બાદ તા.૧ ફેબ્રુ.ના અત્રે પૂજ્યશ્રીના વરદ હસ્તે થનાર સી.એ. કુ. મોનીકાબેન મહેન્દ્રભાઈ લોડાયા (તેરા-રાયપુર)ની દીક્ષા વિધિના આયોજન અંગે યથોચિત માર્ગદર્શન આપ્યું હતું તથા અનેક ભાવિકોની વિનંતીથી એમના ઘરે પગલા કર્યા હતા.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# સુથરી તીર્થમાં દિક્ષાર્થી ગૌતમભાઈનો વાજતે ગાજતે વરસીદાન વરઘોડો નીકળ્યો

તા.૭ ડિસેમ્બર શનિવાર રોજે ૧૯ વર્ષીય દિક્ષાર્થી ગૌતમભાઈ નિલેશ લોડાયાનો વરસીદાનનો વરઘોડો ભવ્યતાથી નીકળેલ. નાનકડા એવા નગરમાં વાજતે ગાજતે નીકળેલ વરઘોડાને લીધેલ સંઘમાં અદમ્ય ઉત્સાહ-હર્ષનો માહોલ જામ્યો હતો. સંઘના શ્રાવક શ્રાવિકાઓ અને દિક્ષા મહોત્સવમાં પધારેલ સૌ મહેમાનો પણ હરખભેર સામેલ થઈ પ્રસંગને શોભા આપી હતી.









JAYMAN KHONA - 9869473339

anmol COLLECTION

ART & FRAMES

ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339

Anmol Balaji Broking
Estate and Investment Consultant

MAHARERA ID : A51800000364

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking




● કવીઓ સ્થાનકવાસી જૈન મહાજન સંચાલિત નારી ઉત્કર્ષ સમિતિના ઉપક્રમે વેડિંગ મેળાનું ચીંચપોકલી મહાજન વાડીમાં કિરણબેન અને મનોજભાઈ રમણલાલ શાહ ગુંદાલા ટીપ ટોપ પ્લાઝા વાળાએ ઉદ્‌ઘાટન કર્યુ હતું નારી ઉત્કર્ષ સમિતિ દ્વારા અત્યાર સુધી ૨૦ મેળાનું આયોજન કરાયું છે. વેડિંગ મેળામાં લગ્ન સરાની લગતી વસ્તુઓના ૮૫ સ્ટોલ પ્રદર્શિત થયા હતા.

● અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં મહાત્મા ગાંધી મેમોરિયલ ખાતે ગાંધીજીની ૧૫૦ જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે ભુજના યુવા ચિત્રકાર જિગર સોનીના ગાંધીજીના ચિત્રોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટનમાં ગાંધીજીના પૌત્રી ઈલા ગાંધી, માર્ટીન લ્યુથરકીંગ રિસર્ચ સેન્ટરના ડાયરેક્ટર વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા. મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે જિગર સોનીને સન્માનિત કરાઈ ઈન્ડકેડીનલ આર્ટિસ્ટ એવોર્ડ એનાયત કરાયો. જિગર સોનીના ૬ ચિત્રો પ્રદર્શન પહેલાં જ વહેંચાણમાંટે બુક થઈ ગયા હતા.

● આફ્રિકન સંસાધન વિહોણા ગ્રામ્ય કિસાનોને સારા ઉપકરણો દ્વારા સ્વનિર્ભર કરવા માટે પ્રયત્નશીલ મૂળ ભુજ તાલુકાના કુંદનપરના મૂળજીભાઈ લાલજી પિંડોરિયા જર્મની ખાતે યોજાયલ ત્રિદિવસીય ''રીલીજીયસ ફોર પીસ'' પરિષદમાં ભાગ લઈ હિન્દુ વિચારધારાનો પક્ષ રજૂ કર્યો હતો. આ પરિષદમાં ૧૦૦ દેશોના આમંત્રિત ૭૦૦ સભાસદોએ વિવિધ ધર્મની વિચારધારા વિષે સઘન ચિંતન કર્યું હતું. હિન્દુઓ કોઈને વટલાવતા નથી. દરેકને વિકસાવનાર સંસ્કૃતિ છે તેવું કહેતા ઉપસ્થિત ધર્મ પ્રતિનિધિઓએ તેમને ઊભા થઈને તાળીઓથી વધાવી સ્ટેન્ડીંગ એવિયેશન આપ્યું હતું.

● સાંપ્રતસમયે બજારોમાં ખરીદી વેચાણના બદલાતા પરિણામોની સમાંતરે ડિજિટલ યુગમાં તારીખિયાંના દટ્ટાનો દબદબો જળવાઈ રહ્યો છે. ૧૪૫ વર્ષ પહેલા માંડવીના કાગદી ધંધાર્થી ખેતશી દેવજીની કાં. 'મનહર દટ્ટા' તારીખિયાં વેચાણમાં મૂક્યા. આ વર્ષે એનો આંક ચાર લાખ નેવટાવી ગયો છે. તે ૬૬ વર્ષ પહેલાં દેવકરણ નેમીદાસની પેઢીએ આદર્શ દટ્ટાની શરૂઆત કરેલ જે એક લાખનો આંક ઓળંગી ગઈ છે. આ દેશી તારીખિયાંમાં તોરણ, તિથિ, વિવિધ ધાર્મિક ઉત્સવ, લોકોત્સવની જાણકારી દેશી ઉપચારો, નુસખા વગેરે મુદ્રિત હોવાને લીધે પ્રદેશ બહાર વિદેશોમાં અંહીની દટ્ટાના માંગ નિરંતર વધતી રહી છે.

● આદિપુરના સિંધી સેવા મંચ તથા સનસાઈન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે દિવાળી પૂર્વ નિમિતે દોઢસો પરિવારોને રાશનની કિટ, તથા બાળકોને નવા કપડાંની ભેટ અપાઈ હતી. કાર્યક્રમ આયોજન અખિલ ભારત લાડ લોહાણા સિંધીપંચાયત ધર્મશાળા સ્થળે કરવામાં આવ્યું હતું. જેમાં સિંધી-સંસ્કૃતિ ટ્રસ્ટના ઉપક્રમે ગીત-સંગીત-નૃત્ય નાટક રજૂ કરવામાં આવ્યા હતા.

● નખત્રાણા લોહાણા મહાજન તથા રણછોડ દાસ બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના ઉપક્રમે લોહાણા મહાજનવાડી સ્થળે ૧૮મો નિઃશુલ્ક નેત્રયત્ર કેમ્પમાં ૨૫૦ દર્દીઓને નિષ્ણાત ડોક્ટરો દ્વારા તપાસવામાં આવ્યા હતા. જ્યારે ૫૦ જેટલા ઓપરેશન વાળા દર્દીઓને હોસ્પિટલના વાહન દ્વારા રાજકોટ લઈ જઈ ઓપરેશન, નેત્રમણિ રોપણ, દર્દીઓને તમામ સુવિધા સહિતની સેવા નિઃશુલ્ક લાવવા લઈ જવાની વ્યવસ્થા અપાઈ હતી.

● ભુજમાં માનવસેવા એજ પ્રભુસેવાના સૂત્રને સાર્થક કરતું મહાવીર ખીચડીઘર છેલ્લાં ૨૫ વર્ષથી દર રવિવારે ૫૦૦ જણને આરોગ્યપ્રદ તેમજ પ્રોષ્ટિક આહાર અપાય છે. શિયાળામાં ગરમ ધાબળાનું વિતરણ કરાય છે. અત્યાર સુધી દસ હજાર ધાબળા વિતરીત કરાયા છે. મેન્ટલ હોસ્પિટલ મહિલા કલ્યાણ કેન્દ્ર તેમજ જરૂરતમંદ લોકોની વસતીમાં ફ્રૂટ, મીઠાઈ, ગરમ નાસ્તો, સિઝનમાં કેરી-રસ વિગેરેનું વિતરણ કરાય છે. ઉનાળામાં ઠંડી છાશ, પાણીનું પરબ, જૂના કપડાં એકઠાં કરી ગરજુઓને અપાય છે. આ સંસ્થાની સૌથી વિશિષ્ટ વાત એ છે કે શરૂઆતથી આ સંસ્થામાં કોઈ, પ્રમુખ, મંત્રી કે પદાધિકારી નથી. બધા સામાન્ય કાર્યકર તરીકે કામ કરે છે.

## જીવન ઘટમાળ

● આંતરજ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૧૧-૧૯ | વડોદરા | ચિ. હની પ્રિતમ લાલકા | લાલા | ૨૮ |
| | નાલાસોપારા | ચિ. કેયુર જગદિશ ગાલા | દેવપર | ૩૦ |

# જીવદયા સંસ્થાઓના પ્રતિનિધિઓએ તેલંગણાના રાજ્યપાલ મહોદયાને આમંત્રણ આપવા મુલાકાત લીધી

લવ ફોર કાઉ ફાઉન્ડેશન જસમત પટેલ, ટ્રસ્ટી રિધ્ધિશ જાગીરદાર, ગૌવત્સ ફાઉન્ડેશનના સંસ્થાપક અધ્યક્ષ મુરલી મનોહર પલોડ, કોષાધ્યક્ષ ઘનશ્યામ રાઠી તેલંગણા રાજ્ય પશુ કલ્યાણ બોર્ડ મેમ્બર સ્વામી સ્વયં ભગવાનદાસ વગેરે મહામહીમ રાજ્યપાલ મહોદયા તમીલીસાઈ સૌંદરરાજનની મુલાકાત લઈ શાલ, સ્મૃતિ ચિન્હ આપી સન્માન કર્યું તથા તેલંગણા રાજ્યમાં વિભિન્ન સંસ્થાઓ દ્વારા કરાતી જીવદયા પ્રવૃત્તિઓ અને કાર્યોથી તેમને અવગત કરાયા.



તા.૫ થી ૧૧ જાન્યુઆરી સુધી ગોશામહલ પોલીસ સ્ટેડિયમમાં યોજાનારી શ્રીમદ્ ભાગવત કથા તા.૧૨ જાન્યુઆરીના સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિના યુવાનો કેવી પોતાનું ભવિષ્ય ઉજ્વળ બનાવે એ વિષયક વ્યાખ્યાન તથા ૧૨ જાન્યુઆરી તા.૧૬ જાન્યુઆરી યોજાનારી હનુમંત કથા આયોજનમાં પધારવાનું સહર્ષ નિમંત્રણ આપ્યું હતું. ૧૫૦મી જયંતિ અવસરે ભારતભરમાંથી ૧૦ હજાર જેટલા યુવાનો ભાગ લેશે. આ સમારોહના મુખ્ય અતિથિ વિશેષ તરીકે પધારવાનું આમંત્રણ તેમને આપ્યું હતું. રાજ્યપાલ મહોદયાએ રાજ્યની જીવદયા સંસ્થાનો દ્વારા કરાતી પ્રવૃત્તિઓની સરાહના કરી હતી. ગૌદાન પેટીમાં સહયોગ રાશિ પોતાના તરફથી આપી યોગદાન આપ્યું હતું અને તા.૧૨ જાન્યુઆરીના સમારોહમાં અતિથિ વિશેષ તરીકે પધારવાના નિમંત્રણનો સ્વીકાર કર્યો હતો.


જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org
અથવા વોટસએપ પર મોકલો
9322257731

VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY
મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
All Types of Mehendi & Personality Development
40 Years Experience in Mehendi
• Basic
• Floral
• Cutwork
• Movie Mehendi
• Figure
• Western
• Portrait
Etc.
Special Discount KDO

BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor, Bhat Bazar,N.N.Street, Masjid Bunder(W), Near Railway Station. Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com



## शुरु किजिए
## गृहिणी से बिजनेसवुमन बनने का सफर

अब आप अपने मनचाहे समय पर काम करने की सुविधा के साथ अपने काम और घर के बीच संतुलन बना सकती है|

हमारे साथ मिलकर आपके लिए अपना बिजनेस शुरु करने का अनोखा मौका यहाँ है|



## તમારા જીવનની બીજી ઈનિંગ્સ શરૂ કરો બિઝનેસની અનોખી તક સાથે.

જો તમે નિવૃત્ત હો તો પણ
હવે તમે આવક મેળવી શકો છો.
આત્મનિર્ભર બનવાની તમારા માટે
આ અનોખી તક છે.



## NO TARGETS, NO DEADLINES, ONLY ENDLESS OPPORTUNITIES TO EARN, WITH FLEXIBLE TIMINGS

Here is your opportunity to fulfill all your wishes and dreams by investing few hours in a day

## One Opportunity Many Benefits

- Fixed Salary
- Unlimited Income
- PF & ESI Benefits
- Part-time / Full-time Opportunity
- International Conventions

**Give more to life**

**For details**
**Contact : 8850840380**




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO